# :: જાહેર હરાજી ::

આથી રસ ધરાવતા તમામ સ્થાનિક/બહાર ગામના વેપારી તથા હરરાજીમાં રસ ધરાવતા ઇસમોને જાણ કરવામાં આવે છે કે, અત્રેની બાગાયત મહાવિદ્યાલય કચેરી હસ્તકના સક્કરબાગ ફાર્મ ખાતે ઝાડ નંગ-૪ને મૂળમાંથી કાઢીને લાકડા લઇ જવા માટેની જાહેર હરરાજી નીચે જણાવેલ સમયે અને સ્થળે રાખવામાં આવેલ હોય, હરરાજીમાં ભાગ લેવા રસ ધરાવતા આસામીઓને હરરજી સમયે આથી હાજર રહેવા જણાવવામાં આવે છે.

હરરાજી અંગેની તમામ શરતો હરરાજી સમયે રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે. હરરાજીમાં બોલી બોલનારે **રૂપિયા ૧૦૦૦/- ડીપોઝીટ પેટે** ભરવાના રહેશે.

| ક્રમ | વિગત | હરરાજીમાં આપેલ ઝાડો રૂબરૂ જોવાનો સમય(રજાના દિવસો સિવાય) | હરરાજીનું સ્થળ, તારીખ અને સમય |
|---|---|---|---|
| ૧ | સક્કરબાગ ફાર્મ ખાતે પ્લોટ નં.૧ અને ૫માં આંબાના ઝાડ નંગ-૦૩ અને ચેરલ ઝાડ નંગ-૦૧ આવેલ છે. | ૦૮-૦૦ થી ૧૨-૦૦<br>૧૫-૦૦ થી ૧૮-૦૦ | **સ્થળ:** સેમીનાર રૂમ, બાગાયત મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.<br>**તારીખ:** ૨૪/૦૩/૨૬, મંગળવાર<br>**સમય:** સવારે ૧૦:૦૦ કલાકે |

જા.નં. જૂ.કૃ.યુ./બામવિ/ક-૨-એ/જા.હ.(લાકડા)/ ૧૫૮૭-૯૫ /૨૬ જૂનાગઢ, તા. ૧૭/૦૩/૨૦૨૬

સ્થળ: જૂનાગઢ
તારીખ: ૧૭/૦૩/૨૦૨૬

આચાર્ય અને ડીન
બાગાયત મહાવિદ્યાલય
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ

**નકલ જાણ થતા હરરાજી સમયે હાજર રહેવા સારું:**

૧. સંશોધન નિયામકશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
૨. પ્રાધ્યાપક અને વડાશ્રી, જનીન વિદ્યા અને પાક સંવર્ધન વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
૩. પ્રાધ્યાપક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
૪. ફાર્મ મેનેજરશ્રી, સક્કરબાગ ફાર્મ, બાગાયત મહાવિદ્યાલય, જૂ.કૃ.યુ. જૂનાગઢ

**નકલ સવિનય રવાના બહોળી પ્રસિદ્ધિ અર્થે:**

૧. આ કચેરીના નોટીસ બોર્ડ પર
૨. નિયામકશ્રી, આઈ.ટી.સેલ., જૂ.કૃ.યુ, જૂનાગઢ
૩. સિક્યુરિટી ઓફિસરશ્રી, મોતીબાગ ગેટ, જૂ.કૃ.યુ., જૂનાગઢ
૪. સંબંધિત ઇસમોને નેટ પર બહોળી પ્રસિદ્ધિ અર્થે

**લાકડા લઈ જવાની જાહેર હરરાજીની શરતો:**

- જાહેર હરરાજીમાં ભાગ લેનાર ઇસમ પુખ્તવયના અને સ્થિર બુદ્ધિવાળા હોવો જોઈએ.
- હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ઈસમોએ બોલી બોલવામાં માટે રૂ. ૧૦૦૦/- જમાં કરાવવાના રહેશે. નાણા જમા કરવનાર વ્યકિતજ બોલ બોલી શકશે. હરરાજી પૂર્ણ થયે જમાં કરાવેલ રકમ પરત આપવામાં આવશે.
- કોઈ પણ બોલ માન્ય રાખવો કે નહી તે નીચે સહી કરનાર અધિકારીની સતામર્યાદામાં રહેશે.
- હરરાજીમાં છેવટના બોલની રકમનાં ૧૦% ડીપોઝીટ દિવસ-૨માં કચેરીમાં જમા કરવાની રહેશે. જે રકમ ફાર્મમાં નુકસાની ન કર્યા અંગેનું ફાર્મ મેનેજરનું પ્રમાણપત્ર મેળવી વગર વ્યાજે પરત કરવામાં આવશે.
- મંજુર થયેલ રકમ દિવસ-૧૦માં સરકારી નીતિ-નિયમો મુજબ લાગું પડતાં ટેક્ષ સાથે કચેરીમાં જમા કરવાની રહેશે. ત્યારબાદ ઝાડ નિકાલ માટે પરવાનગી આપવામાં આવશે.
- પરવાનગી આપ્યા બાદ ઝાડના નિકાલ માટેની કાર્યવાહી તાત્કાલિક કરવાની રહેશે તેમજ હરરાજીની તારીખથી વધુમાં વધુ ૦૧ મહિના સુધી માંગણીદરના જોખમે જે તે સ્થળે માલ રાખવા દેવામાં આવશે પછી થી માલ જૂ.કૃ.યુ.નો ગણાશે અને માલની ભરપાઈ કરેલ રકમ પરત દેવામાં આવશે નહિ.
- તમામ ઝાડો સ્વખર્ચે અને પોતાના જોખમે કાપીને લઇ જવાના રહેશે.
- આકસ્મિક કે અન્ય કારણોસર હરરાજી રદ કરવાની સત્તા નીચે સહી કરનારને અબાધિત રહેશે.
- હરરાજી વખતે કોઈ વાંધો તકરાર ઉપસ્થિત થાયતો નીચે સહી કરનારનો નિર્ણય આખરી ગણાશે.
- હરરાજી વખતે પાનકાર્ડની નકલ તથા ચૂંટણી/આધારકાર્ડની નકલ સાથે રજૂ કરવાની રહેશે.

આચાર્ય અને ડીન<br>બાગાયત મહાવિદ્યાલય<br>જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી<br>જૂનાગઢ